અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર




ખુશામત કરવાનું ઘણા લોકો જાણે છે પણ
પ્રશંસા કરવાનું બહુ થોડા જાણે છે.

ઈશ્વરના હાથમાં છે. બોલો... આપનું આ બાજુ આવવાનું કારણ ?

બેટા તારા પરિવાર સાથે દગો કરનાર વ્યક્તિ સાથે પણ તું આટલી શાંતિપૂર્વક અને વિવેકપૂર્ણ વાત કરે છે. તારામાં કોઈ ખાસ વાત છે. અરે અંકલ તમે દગો કર્યો કે વિશ્વાસઘાત કર્યો. આ કેસ મેં ઉપરવાળાની અદાલતમાં વર્ષો પહેલા સોંપી દીધો છે. તેમાં તારીખો ન પડે સીધો ફેંસલો...

હવે એ જ નક્કી કરશે.

તમને કે મારે નક્કી કરવાનો અધિકાર નથી. માનવસર્જિત અદાલત કચેરીમાંથી સત્તા કે રૂપિયાના જોરે એક વખત કોઈપણ વ્યક્તિ છુટી જાય છે પણ ઈશ્વરની અદાલતમાંથી કદી છુટી શકતો નથી.

વાહ... બેટા મેં તને ઓળખવામાં ભૂલ તો કરી છે બેટા દેવાંગ. રોહિતની ડાયરી મને આપ. આજે હું જુનો હિસાબ ચૂકવવા આવ્યો છું.

દેવાંગ બોલ્યો, શું ઉતાવળ છે ?

બેટા, તારા શબ્દો તું જ યાદ કર.

મારો ઠાકોરજી લેવા જ્યારે બેસશે ત્યારે છાતી ઉપર પગ રાખી કઢાવશે.

આ કોરો ચેક. હિસાબ પણ તારો અને વ્યાજ પણ તારું. તેં જ કીધું હતું ને મારા હક્કના રૂપિયા હશે તો તમારે મારા ઘરે આપવા આવવા પડશે. લે આજે હું તારા ઘરે તારા હક્કના રૂપિયા આપવા આવ્યો છું.

અંકલ. તમે અત્યારે મુસીબતમાં છો. આ પરિસ્થિતિમાં રૂપિયા લેવડદેવડ મને યોગ્ય નથી લાગતી. સંતોષને સારું થઈ જાય પછી આપણે સાથે બેસી હિસાબ કરીશું.

મારી પાસે કે ભાવેશ પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા. રૂપિયાની ભૂખ માણસને જાનવર બનાવી દે છે. સંબંધોની ગહનતા ભૂલવાડી દે છે.

પણ આજે દેવાંગને મળવાથી તેની વાતો સાંભળવાથી મને એવું લાગ્યું, ભગવાનમાં માત્ર શ્રદ્ધા નહીં વિશ્વાસ પણ રાખવો જોઈએ.

ભાવેશ ભીની આંખે બોલ્યો, બેટા તારી ભક્તિ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાની આજે જીત થઈ છે.

ના અંકલ, આ પ્રભુના ન્યાયની જીત છે. ગરીબ લાચાર, અશક્ય લોકો માટે સંસારમાં લડવાવાળું કોણ ? એક માત્ર ઈશ્વર... આવી વ્યક્તિ લાચાર થઈ જ્યારે આકાશ તરફ જુએ ત્યારે સમજી લેવું કેસ ઉપરવાળાની અદાલતમાં ફાઈલ થઈ ગયો.

અંકલ પપ્પા મને કહેતા, કર્મ દઝાડે છે. આનંદ કરતા પરિવાર ઉપર અચાનક આફત આવે તો સમજી લેવું ખોટા રૂપિયા ઘરમાં આવ્યા છે અથવા કર્મનો હિસાબ ચુકવવાનો સમય થયો છે. અમારા પણ ગત જન્મના લેણદેણ હશે જે પુરા થયા એટલે અચાનક પપ્પા અમને મુકી જતા રહ્યા.

દેવાંગ ઢીલો થઈ બોલ્યો, તમે આનંદમાં હો ત્યારે સમજી લ્યો સત્કર્મનું બેલેન્સ ખાલી થઈ રહ્યું છે.. અને તમે દુઃખી અથવા કોઈ પીડા ભોગવતા હો ત્યારે સમજી લ્યો તમારા દુષ્કર્મની સજા તમે કાપી રહ્યા છો. સત્કર્મનું બેલેન્સ વધારતા રહો અને સદા આનંદમાં રહો.

ભાવેશ ઊભો થઈ દેવાંગને ભેટી પડ્યો. તારો બાપ સંસ્કારી, આટલો ધાર્મિક હતો તેના સંપર્કમાં હું હતો તો પણ તેને હું ઓળખી ન શક્યો. બેટા મને માફ કર.

જયશ્રી કૃષ્ણ બેટા.

આ સાઈન કરેલો ચેક તારા પપ્પાની ડાયરીમાં રાખ. મારા આયુષ્યની મને પણ ખબર નથી. આ લેણદેણનો સંબંધ મારે અહીં આ જન્મમાં જ પુરા કરવા છે કહી ભાવેશ રડી પડ્યો. મેં ઊભા થતા દેવાંગને કીધું બેટા લોકો ગીતાજી વાંચે છે તેનો એક મહત્વપૂર્ણ સંદેશ પણ વાંચે છે. મારા ભાગ્યમાં લખેલ હશે તો દુનિયાની કોઈ પણ તાકાત ઝૂંટવી નહિ શકે. અને જો મારા ભાગ્યમાં નહિ હોય તો દુનિયાની કોઈ પણ તાકાત એ મને અપાવી નહિ શકે. તે આ ગીતાજીના સંદેશને સાબિત કરી બતાવ્યું.

शरण गाहे बिन जाप है निष्फल... निष्फल है जीवन तेरा  
जनम मरण की आस ना छूटे... रहे दुखो से नित घेरा  
पाप गठरिया भारी हो गयी... कैसे बोझ उठाएगा  
राम सुमिर के रहम करेना... कि कैसे सुख कैसे पायेगा

**ચૈતાલી દોશી : ૭૮૭૮૧ ૫૭૯૩૯**


## અરિહંત ઓટો એડવાઈઝર

- ડ્રાઈવીંગ લાયસન્સ / રીન્યુ / ફેરફાર
- દરેક પ્રકારના વ્હીલર ટ્રાન્સફર
- તમામ પ્રકારના RTO ના કામકાજ
- વ્હીકલ ચોઈસ નંબર / HSRP નંબર પ્લેટ
- વ્હીકલ ઈન્સ્યોરન્સ



મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

## ધનલક્ષ્મી સ્ટોર્સ

ઈમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮




જેઓને પ્રશંસાનો વધુ લોભ હોય છે, તેઓ ખરી રીતે તે માટેની લાયકાત વિનાના હોય છે.

# ત્રણ ઇંચની જીભ

શબ્દના મહાત્મ્યથી ભક્તામરસ્તોત્ર બોલીને માનતુંગસૂરિએ પોલાદી જંજીરો તોડી નાંખી !

કલ્યાણ મંદિર સ્તોત્રના પઠન દ્વારા સિદ્ધસેન દિવાકર સૂરિએ ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રગટ કર્યા હતા.

ઉવસગ્ગહરમ્ સ્તોત્રથી ભદ્રબાહુ સ્વામીએ શ્રી સંઘ ઉપર આવી પડેલા મરકીના ઉપદ્રવનું નિવારણ કર્યું હતું.

અજિતશાંતિ સ્તોત્ર ભણીને નંદિષેષસૂરિજીએ આખી દેવકુલિકાને સ્થળાન્તરિત કરી હતી.

ઉત્થાનસૂત્રના પાઠ દ્વારા ભર્યું ભાદર્યું નગર ઉજ્જડ બની જાય અને સમુત્થાન સૂત્રના પાઠ દ્વારા ઉજ્જડ ગામ પણ ધમધમતું નગર બની જાય તેવાં વર્ણનો શાસ્ત્રોમાં વાંચવા મળે છે.

સાધ્વીજીના મુખમાંથી નીકળેલા સ્વાધ્યાયના શ્લોકોના શ્રવણથી જૈન સંઘને હરિભદ્રસૂરિ નામના એક મહાન આચાર્ય મળ્યા.

સાધુ ભગવંતોના સ્વાધ્યાયના શબ્દોએ લખલૂટ સમૃદ્ધિના સ્વામી એવા અવંતિસુકુમાલને સંયમ સાધના માટે ઉત્સાહિત કર્યા હતા.

આફ્રિકાના જંગલી લોકો સૂકા ઝાડ પર ટકોરા મારીને તેના અવાજ દ્વારા દૂર દૂર સુધી સંકેતની ભાષામાં સંદેશા પહોંચાડી દે છે. જંગલની નજીકની એક હોટલ પાસે એકવાર એક પોલીસનું ખૂન થયું. બે જ કલાકમાં દૂર-દૂરથી સેંકડો જંગલી લોકો ત્યાં પહોંચી ગયા અને ખૂનીને ઠાર કર્યો. આ ઘટનાના પ્રત્યક્ષદર્શી એક આદિવાસીએ શબ્દના પ્રસારણ દ્વારા સમાચાર ફેલાવી દીધા હતા.

શબ્દ અને ધ્વનિના જાદુને રેડિયો, ટી.વી., વી.સી.આર., ટેપરેકોર્ડર, ટેલેક્ષ, ટેલિગ્રામ, ટેલિફોન, ગ્રામોફોન, મેગાફોન, ઈયરફોન, ફેક્સ, વોકીટોકી, ઈન્ટરકોમ, આદિ અનેક સાધનો દ્વારા આપણે માણીએ છીએ. એક અવાજના ૧૦-૧૦ પડઘા પાડતો બીજાપુરનો ગોળ ગુંબજ શબ્દના જાદુઈ મિજાજનો પરિચય કરાવે છે.

ગોપાલ સ્વામીએ સ્વરો દ્વારા પાંદડામાંથી સાકરનો સ્વાદ બનાવી આપ્યો હતો અને પથ્થરને સાકરમાં પરિવર્તિત કર્યો હતો.

ફ્રાન્સમાં એક વિદૂષી મહિલાએ શબ્દના પ્રયોગો દ્વારા છાયા ચિત્રો ઉત્પન્ન કર્યા હતા.

એક બંગાળી વિદ્યાર્થીએ શંકરાચાર્યનું ભૈરવાષ્ટક બોલી કાળભૈરવની આકૃતિ પ્રગટ કરી હતી.

લલિતાસહસ્રનામ પર સૌભાગ્ય ભાસ્કર નામની મંત્રમય ટીકા રચનાર શ્રી ભાસ્કરાચાર્ય મક્ષીજીથી વારાણસી ગયા ત્યારે પંડિતોના વાદવિવાદમાં સંસ્કૃત શ્લોકો બોલીને યોગિનીનાં દૃશ્યો ખડાં કરી દીધા હતા.

શબ્દથી દેવોને આવર્જિત કરી શકાય છે, ડાકણો વશ થાય છે. શબ્દની તાકાતથી નદીનાં વહેણ અટકાવ્યાના કે સર્પને સ્તંભિત કરી દીધાના ચમત્કારો શાસ્ત્રોમાં સંભળાય છે.

શ્રી ગુપ્તાચાર્ય નામના પોતાના ગુરુ પાસેથી મેળવેલી વિદ્યાઓ દ્વારા રોહગુપ્ત નામના મુનિએ નકુલી, મયૂરી, માર્જારી, રાસભી આદિ વિદ્યાઓના પ્રભાવથી નોળીયો, મોર, બિલાડી આદિ છોડીને પ્રતિવાદીના દુષ્ટ પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા હતા.

મીયાં ગુલાબ બુલબુલ રાગ ગાતા ત્યારે બુલબુલ પક્ષીઓ ઊડી આવતા.

દીપક રાગ છેડીને સંગીતના નિષ્ણાતો વગર અગ્નિએ દીપક પ્રગટાવી દેતા અને મેઘમલ્હાર રાગ ગાઈને વરસાદ વરસાવતા.

શબ્દની પ્રચંડ તાકાતને આજનું વિકસિત વિજ્ઞાન પણ સ્વીકારે છે. બોલાયેલા કોઈ પણ શબ્દમાંથી નવા નવા તરંગો પેદા થાય છે. આ દરેક તપંગ શબ્દમય હોય છે. આજનું વિજ્ઞાન કહે છે કે આ તરંગો ૧૮,૦૦૦ની સંખ્યા ઓળંગે ત્યારે ધ્વનિ અશ્રાવ્ય બને છે. આ અશ્રાવ્ય ધ્વનિમાં

ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264
VE VIRANG ENTERPRISE VIRANG
TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA
BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥
DIAL : (079) 26580863
Four Colour
Design
Bill Book
Letter pad etc.
SIDDHARTH
PRINTERY
LL.13, Harekrishna Complex,
Opp. Kothawala Flats, Pritamnagar,
Ellisbridge, Ahmedabad - 6.

પ્રચંડ તાકાત હોય છે. તેનો એક ઉર્જારૂપે પણ ઉપયોગ થઈ શકે છે.

અશ્રાવ્ય ધ્વનિથી ચાલતા અલ્ટ્રાસોનિક ડ્રીલ વડે લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના મગજના ગંભીર અને જોખમી ઓપરેશનો આસાનીથી થઈ શકે છે. ધ્વનિ પ્રયોગથી કઠણ હીરાને પણ સરળતાથી તોડી શકાય છે. પાણી તથા પારાને એકમેક કરી શકાય છે. ફળો અને શાકભાજીને દિવસો સુધી તાજાં રાખી શકાય છે. ધ્વનિ અને સંગીતથી આંખ, કાન, દાંતના કોઈ પણ રોગ કે ગાંડપણને પણ દૂર કરી શકાય છે. ધ્વનિનાં કંપનો દ્વારા સંધિવાતની બીમારી મટે છે. બૈજુ બાવરાનું સંગીત સાંભળી હરણો ખેંચાઈ આવતા અને વાઘ પણ ક્રૂરતા છોડીને મૃદુતાપૂર્વક બાજુમાં બેસીને આળોટતો. ધ્વનિની શક્તિથી ખૂંખાર સર્પ પણ રાફડામાંથી બહાર નીકળી સ્વયં મદારીના કરંડીયામાં કેદ થઈ જાય છે. શબ્દથી હરણો પારધીની જાળમાં ફસાય છે. સંગીતના સુમધુર ધ્વનિ વચ્ચે કારખાનામાં કામદારો વધુ વેગથી કુશળતાથી કામ કરી શકે છે એવા સંશોધનો થયાં છે. બી.એમ.લેસર નામના વૈજ્ઞાનિકે ઘણાં સંશોધનો કર્યા છે. આવા સંશોધનો માટે વિખ્યાત વિદ્વાન કાર્લાઈલનું નામ પણ પ્રખ્યાત છે.

આપણો તમામ જીવન વ્યવહાર પણ શબ્દ ઉપર ચાલે છે. શિક્ષક વિદ્યાર્થીને 'ઊઠ' એવો શબ્દ કહે છે અને તે શબ્દના પ્રભાવથી તુરત વિદ્યાર્થી બેન્ચ ઉપર ઊભો થઈ જાય છે અને 'બેસ' કહેતા તુરત બેસી જાય છે.

પી.ટી.ટીચર 'સાવધાન' બોલે અને સમાન ગણવેશમાં સામે ઊભેલા તમામ વિદ્યાર્થીઓ ટટ્ટાર થઈ જાય છે અને 'વિશ્રામ' બોલતા તુરત શરીરને આરામ આપે છે.

કોઈ 'મૂરખ' કહીને બોલાવે તો ગુસ્સો આવે છે.

કોઈ 'પધારો' કહે તો આનંદ થાય છે.

## આભાર

સમાજની ઓફિસમાં ફોટા મુકવાની યોજના અન્વયે અમોને નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી તેમના વડીલ સ્વજનોના ફોટા મુકવા માટે એક ફોટા દીઠ રૂા. ૫૧૦૦૦/-નું યોગદાન મળેલ છે તે બદલ સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે.

- ફોટો-૧ - પદમાબેન ધીરજલાલ સંઘવી હ. ધીરજલાલ સકરચંદ સંઘવી પરિવાર
- ફોટા-૨ - હિંમતલાલ કસ્તુરચંદ ધોળકીયા તથા સવિતાબેન હિંમતલાલ ધોળકીયા હ.કીરીટભાઈ હિંમતલાલ ધોળકીયા

નોંધ : ઉપરોક્ત ફોટા મુકવાની યોજના અન્વયે હવે ફક્ત ૨ (બે) ફોટા આવકાર્ય છે તો જે પણ સભ્યની ફોટા મુકવા અંગેની ભાવના હોય તેઓ સમાજની ઓફિસે ૦૭૯-૨૬૪૨ ૫૬૭૦ અથવા તો (મો.) ૮૨૩૮૦ ૫૫૫૭૫ ઉપર સંપર્ક કરવા વિનંતી.

## અભિપ્રાય

શ્રી ઝાલાવાડ વિશા શ્રીમાળી સ્થા.જૈન સમાજ આયોજિત તેમજ SZVS Vaccination Camp Committee સંચાલિત વેક્સીનેશન કેમ્પ તા. ૪થી જુલાઈ, ૨૦૨૧ રવિવારના રોજ એલ.ડી.એન્જિ. કોલેજમાં ઉપરોક્ત વેક્સીનેશન કેમ્પમાં રસીકરણ રજિસ્ટ્રેશન કરાવેલ સભ્યોને કરી આપવામાં આવ્યું.

આ કેમ્પમાં ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું. જ્યારે અન્ય જગ્યાએ રસીકરણ માટે લાંબી કતાર, ૩ કલાક જેટલો વેઈટીંગ સમય, તડકાની સમસ્યા અને વારો આવે ત્યાં રસી ખલાસ થઈ જાય એવી વિકટ સમસ્યાનો આપણા સમાજના ઉંમરલાયક સભ્યોને સામનો કરવો ન પડે તેમજ યુવાનોને સમય બગાડવો ન પડે તે ધ્યાનમાં રાખી આ કેમ્પ કરવામાં આવ્યો.

રસીકરણ પહેલા બેસવાની સુંદર વ્યવસ્થા, સરકારના નિયમોને આધીન રસીકરણ, રસી લીધા બાદ ચા-કોફી, બિસ્કીટ, લીંબુ સરબત, પાણી જેવી ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી. જેથી રસીકરણ એક ડર નહીં પરંતુ સમાજે એક ઉત્સવ જેવું આનંદપૂર્ણ વાતાવરણ કરી રસીકરણ કર્યું.

આવા ઉત્કૃષ્ટ આયોજન બદલ સમાજનો, SZVS Vaccination Camp Committeeનો તથા આયોજનમાં યોગદાન કરનાર સર્વોને ખરા અંતઃકરણથી આભાર માનું છું.

- અશોક બી. શાહ

JAYESH SHAH
(ESTATE BROKER)
+91 99740 89640
+91 98250 13076
RERA REGISTERED
SHAH ESTATE CONSULTANT
A.E.B.A. (Member) GREAC (Member) CREBIA (Member)
Residential & Commercial Property
Rent | Sale | Purchase
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380 013.
E-mail : jayeshshah1376@gmail.com

With Best Compliments From
Dhavalbhai Shah
NAVKAR ENTERPRISE
GODOWN NO. C-3, HIGHWAY ESTATE, SANAND ROAD, SANAND, AHMEDABAD - 382210
M. : 9377166466

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોનઃ (O)27433686 (R)27483721
ફેન્સી સાડીઓ તથા ડ્રેસ મટીરીયલ...
Email: sarvoday3686@gmail.com

# શ્રી નૂતન મહાવીર યુવક મંડળ, વાસણા, અમદાવાદ

ખંભાત સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ.શ્રી કાન્તિઋષિજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી પૂ.શ્રી જિતેન્દ્રઋષિજી મ.સા.ની પ્રેરણાથી તથા તેમના ઉત્કૃષ્ટ વિચારોથી શ્રી નૂતન મહાવીર યુવક મંડળ તરફથી આ વર્ષે (૨૦૨૧) નવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

### કુંડાઓનું વિતરણ

અસહ્ય ગરમીની શરૂઆત થઈ ગઈ હોવાથી પક્ષીઓ માટે પાણી/ચણ(જાર) માટે માટીના કુંડા સાથે જારનું વિતરણ આ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું. અમદાવાદમાં જુદી જુદી જગ્યાએ જેવી કે ઉપાશ્રય(વાસણા), મૌલિક ફ્લેટ-ફતેહપુરા, પ્રજાપતિ ગાર્ડન, વાસણા તથા ધરણીધર દેરાસર અને ડીવાઈન લાઈફ સ્કૂલ પાસે કરવામાં આવ્યું.

### ઘાસચારાનું વિતરણ

અમદાવાદમાં જુદી જુદી પાંજરાપોળમાં પશુઓ માટે ઘાસચારાનું તથા સાથે કુતરાઓને દૂધ તથા બિસ્કીટ ખવડાવવાનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની પાંજરાપોળ જેવી કે બાકરોલ તથા જમાલપુરમાં ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું.

### કેરીનું વિતરણ

અત્યારે કેરીની સીઝન હોવાથી ચંદ્રનગર-ઘરડા ઘરમાં તથા લાંભા, સરખેજ-નાની છાપરી ઘરડા ઘરમાં કેરીનું વિતરણ કરવામાં આવ્યું. હવે પછી ઘાટલોડીયા-ઘરડા ઘરમાં કેરીનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ ઉપરાંત ઘણા વર્ષોથી નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૧) ગુજરાતી તથા અંગ્રેજી મીડીયમના ધો.૧થી ૧૨ તેમજ બધી જ ફેકલ્ટીના ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટને ટકાવારી પ્રમાણે પ્રથમ અને દ્વિતીય ઈનામ અને બાકી રહેલાને આશ્વાસન ઈનામો તથા સ્પેશિયલ એક્ટીવીટીના આધારે મેળવેલ સર્ટીફિકેટના આધારે સ્પે.એચીવમેન્ટ એવોર્ડ પણ દર વર્ષે આપવામાં આવે છે.

(૨) છેલ્લા ૨૯ વર્ષથી સારી ક્વોલીટીના ચોપડાનું વિતરણ તથા ગાઈડોની સહાય પણ કરી રહ્યું છે.

(૩) ધાર્મિક પ્રવાસનું આયોજન પણ કરવામાં આવે છે.

(૪) જીતો દ્વારા આયોજિત પ્રભુ મહાવીર કલ્યાણક રથયાત્રામાં પણ યુવક મંડળના કાર્યકરો ઉત્સાહપૂર્વક સાથ અને સહકાર આપે છે. તેમજ અમદાવાદમાં કોઈપણ સંઘમાં પ્રોગ્રામમાં જરૂરિયાત હોય તો આ મંડળના કાર્યકર્તાઓ ખડેપગે દિલથી પ્રોગ્રામમાં ભાગ લઈને મદદરૂપ થાય છે.

ઉપરોક્ત તમામ કાર્યોમાં દાતાશ્રીઓનો ખૂબ જ સુંદર સાથ અને સહકાર મળી રહેવાથી દરેક પ્રવૃત્તિઓમાં સફળતા મળે છે. બીજી અગત્યની વાત એ છે કે કાર્યકરો તો પોતાના દિલથી અને ભાવથી કાર્ય કરવા તત્પર હોય જ છે પરંતુ સંઘનો આ યુવક મંડળને એટલો હૃદયપૂર્વકનો સાથ અને સહકાર મળે છે કે જેથી તમામ કાર્ય સરળતાથી થઈ શકે છે.

આ યુવક મંડળ તમામ દાતાશ્રીઓનો તથા સંઘના ઉચ્ચ હોદ્દેદારો તથા બધા જ કમિટી મેમ્બરોનો ભાવપૂર્વક આભાર માને છે.

પૂજ્ય મહારાજ સાહેબ તથા સંત-સતીજીઓના આશીર્વાદથી શ્રી નૂતન મહાવીર યુવક મંડળ, વાસણા ઉત્તરોત્તર સમાજની સેવા કરતા રહેવી તેવી અભ્યર્થના.

પ્રેષક : મહેશભાઈ જે. ગોસલીયા

## પૂ.શ્રી રાજગુરુના સંભારણા

(અનુસંધાન ગતાંકથી ચાલુ)

ગુરુકૂળની સેવાના બળે પૂ.શ્રી રાજગુરુ મ.સાહેબે આવેલા રોગના પરિષહ ઉપર વિજય મેળવ્યો. પૂ.શ્રી તપોધની ચુનીલાલજી મ.સા. ૮૫ વર્ષની જૈફ ઉંમરે કલોલ શહેરમાં તેઓશ્રીના જીવનદીપનો અસ્ત થયો. ત્યારબાદ પૂ.શ્રી રાજગુરુ મ.સા.પૂ.આ.શ્રી શાંતિલાલજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના સુંદર રીતે ચાલી રહી હતી. પણ સાથે સાથે તપની આરાધના ભળે તો સોનામાં સુગંધ મળે.

આદત નાની પણ તેનું જોર વધારે અને તેનાથી નુકસાન વધારે મોટું હતું તેમ ચાર વગર પૂ.શ્રીનું સ્વાસ્થ્ય લથડતું તો પણ પૂ.શ્રી શાંતિલાલજી મ.સા.ના મુખેથી પ્રતિજ્ઞા કરી ચાના બંધનમાંથી છુટી संजमेण तवयेण સંયમ માર્ગે આગળ વધવા તપના માર્ગે આગળ વધી રહ્યા અને વર્ષોવર્ષ તેમની તપની મોટી આરાધના થતી રહી અને ખરેખર સ્થાનકવાસી સમાજમાં તેઓશ્રી તપસ્વીરાજ તરીકે ઓળખાયા. તેઓ તપને પચાવી શક્યા છે અને અક્રોધી જ રહ્યા છે. 'આપણે તેમને જ્યારે શાતા પૂછીએ ત્યારે તેમના ચહેરા ઉપર પરમ શાંતિ છવાયેલી હોય અને એવો જ જવાબ મળે. હા જી.. આપણે તો સદાય દિવાળી.'

તપના તેજથી એમનો દેહ એવો ઝગારા મારે કે દૂરથી જોતા જાણે કોઈ કંડારેલી મૂર્તિ ન હોય ! કરૂણા આપણી મોટી એ છે કે 'કોરોના'નો એવા કપરાકાળનો સપાટો ફરી વળ્યો છે કે છેલ્લા વર્ષ ઉપરાંતથી ક્યાંય જઈ શકાતું નથી. દર્શનની તીવ્ર ઝંખના હોવા છતાં માત્ર મનથી સાધુસંતોની દર્શન-અભિલાષા પૂરી કરી તેમને શાતા રહે તેવી અંતરથી પ્રભુ પ્રાર્થના સિવાય કશું થઈ શકતું નથી.

પૂ.શ્રી રાજેન્દ્રમુનિ મ.સા.ને શ્વાસની તકલીફ હતી, છેલ્લે હોસ્પિટલમાં દાખલ કર્યા અને બોડાલ મુકામે તા. ૧૨મી એપ્રિલ-૨૦૨૧, સોમવાર, સં.૨૦૭૭, ચૈત્ર સુદ એકમની રાત્રિએ ૯-૩૫ કલાકે સંથારાસહિત અરિહંત, સિદ્ધના જાપ કરતાં કરતાં ૭૮ વર્ષ, ૧ માસ અને ૧૭ દિવસની ઉંમરે, ૫૨ વર્ષ, ૧૧ મહિના અને ૮ દિવસના ચારિત્ર વિચરણે તેઓએ દેહ છોડ્યો. ત્યારે મુંબઈથી પૂ.તેજેન્દ્ર સાહેબ પધારેલ અને ગોપાલ સં.ના પૂ.શ્રી ઉત્તમમુનિ મ.સા. બોરસદથી બોડાલ આવી હાજરી આપેલ.

દ.સં.ને મોટી ખોટ પડી છે. આવા અલ્પભાષી તપોધની પૂ.શ્રી અગણિત વંદન હો.


જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રક્શન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઈફ ઈન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઈન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ઘોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૦૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ,
કાળુપુર, અમદાવાદ-૧




જેણે મનને જીતી લીધું છે, તેને ટાઢ-તડકો, સુખ-દુઃખ અને માન-અપમાન બધું સરખું છે.

# આજની પોઝિટીવ સ્ટોરી

રેલવેના પ્લેટફોર્મ પર ફેરિયાને ૨૦ રૂપિયા માટે ૨૦૦ રૂપિયાની નોટ આપી, ફેરિયો પૈસા પરત કરે તે પહેલા ટ્રેન ઉપડી ગઈ. પછી જે થયું તેની તમે કલ્પના પણ નહીં કરી શકો.

આ આખી સત્ય ઘટના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના કર્મચારી અને તેલુગુ લેખક આઈ.પી.શર્માએ વર્ણવેલી છે. તેમાં રહસ્ય છે, માનવતા છે, કરુણા છે અને એક જબરજસ્ત પોઝિટિવ સંદેશ છે.

તેમના જ શબ્દોમાં આખી પોઝિટીવ સ્ટોરી માણીએ. ઓવર ટુ આઈ.પી.શર્મા...

વિશાખાપટ્ટનમ સ્ટેશન આવી પહોંચેલી જન્મભૂમિ ટ્રેનમાં હું અને મારા પત્ની બેઠાં. અમારે માં મારા એક મિત્રની પુત્રીના લગ્નમાં જવાનું હતું. વહેલી સવારનો ઠંડો પવન અને ટ્રેનના ગતિમય પ્રવાહે અમે ઝોકે ચડ્યાં. એક નાનકડા ટુની સ્ટેશને ટ્રેન ઊભી રહી ત્યારે અમારી આંખ ઊઘડી.

સવાર થવામાં હતું એટલે મેં પ્લેટફોર્મ પર આમતેમ ફરી રહેલા ફેરિયાઓ તરફ નજર દોડાવી. મેં એક ફેરિયાને બે કપ કોફી આપવા માટે કહ્યું. તેણે કોફી ભરીને કપ લંબાવ્યા એટલે એક કપ મેં મારા પત્નીના હાથમાં આપ્યો અને બીજો કપ મારા હાથમાં લઈ કોફીની ચૂસ્કી ભરી. કોફી બહુ સરસ હતી એટલે મેં વખાણ કરતાં તે ફેરિયાને કહ્યું, 'ભાઈ કેટલા પૈસા ?' મેં ગજવામાંથી મારું વોલેટ કાઢ્યું અને ૨૦૦ રૂપિયાની નોટ તેના તરફ લંબાવી.

ફેરિયાએ કહ્યું, 'સાહેબ ૨૦ રૂપિયા છુટી નથી ?' મેં નકારમાં માથું હલાવ્યું એટલે તેણે કોફીનું  નચે મૂકીને પોતાના શર્ટના ઉપરના ગજવામાં ફંફોસવાનું શરૂ કર્યું પરંતુ તેટલી વારમાં ટ્રેન ચાલવા લાગી. ફેરિયો પોતાના ગજવામાંથી છુટા પૈસા કાઢે તે પહેલાં તો ટ્રેને ઝડપ પકડી લીધી. ફેરિયો દોડતો દોડતો જોતો રહી ગયો.

અમારો ડબ્બો એન્જિનથી બીજો જ હતો એટલે અમે ઝડપથી પ્લેટફોર્મથી બહાર નીકળી ગયા. હું તેને માથે હાથ દઈ ઓહો કરતાં જોઈ રહ્યો. હું પણ ખિસ્સામાં છુટા પૈસાની ખાતરી કર્યા વિના જ કોફીનો ઓર્ડર કરવા બદલ મારી જાતને કોસતો રહ્યો. ત્યાં સુધીમાં મારા પત્નીએ ગુસ્સાથી બોલવાનું શરૂ કરી દીધું હતું, 'અરે ભગવાન તમે કેવા મુરખ છો ? ફેરિયા પાસેથી છુટા લીધા વિના જ તેના હાથમાં ૨૦૦ રૂપિયાની નોટ પકડાવી દીધી ? બેંકમાં નોકરીના તમારા અનુભવ કે ઉંમરનો કોઈ અર્થ ખરો ?'

હાથમાં રહેલી કોફીનો સ્વાદ ખાટો થઈ ગયો. જેમ તેમ કોફી પૂરી કરી મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'માની લે કે તેણે મને છુટા પૈસા આપી દીધા હોત અને હું તેને નોટ આપું તે પહેલાં જો ટ્રેન ચાલુ થઈ ગઈ હોત તો તે ફેરિયાને નુકસાન ના ગયું હોત ?'

'શાનું નુકસાન ? અરે એને તે સવારથી અત્યાર સુધીમાં જ દસ મૂરખ મળી ગયા હશે એટલે એકાદ ગ્રાહકના ૧૦૦-૨૦૦ રૂપિયા જાય તો પણ છેવટે તો તે સાંજ પડે હજાર બે હજારના નફામાં જ રહેવાનો છે.' મારા પત્નીએ મોં મચકોડતાં ઉંચા અવાજે કટાક્ષભર્યું હસતાં મને ગણિત સમજાવ્યું.

'આપણે આવું ન વિચારવું જોઈએ. નાના માણસો પર ભરોસો મૂકવો જોઈએ. તેણે તો છુટા પૈસા આપવા હાથ લંબાવ્યો હતો, પરંતુ ટ્રેન ચાલવા લાગી તેમાં તેના બિચારાનો શું વાંક ? આપણા પૈસા ખાઈ જવાનો તેનો ઈરાદો થોડો જ હતો ?' ફેરિયાનો બચાવ કરતો જોઈ મારા ધર્મપત્ની મારા પર તાડૂક્યા. 'અરે આ લોકો આવી તકની રાહ જ જોતા હોય છે. એમને દિવસમાં તમારા જેવા દસ-બાર બકરા મળી જાય એટલે ઘણું થયું. આખા દિવસની કમાણી થઈ ગઈ.'

મારા પત્ની મારી સામે આંખો કાઢીને બોલી રહ્યા હતા અને હું બાઘો બનીને ચૂપચાપ બેઠો હતો. 'તમે પ્રામાણિક અને સિદ્ધાંતવાદી છો એટલે બધા તમારા જેવા જ હોય એવું માની લેવાની જરૂર નથી.' તેણે સહ પ્રવાસીઓ ઉપર આસપાસ નજર ફેરવી અને ચૂપ થઈ ગયાં. બધા મારી તરફ જોઈ રહ્યા હતા. ટ્રેન ગતિ પકડી ચૂકી હતી અને અમે ત્યાર પછીનું અનાવરમ સ્ટેશન પણ વટાવી ચૂક્યા હતા. મેં પણ મારા બાકીના છુટા પૈસા પાછા મળવાની આશા છોડી દીધી હતી.

મારા પત્ની માને છે કે માનવજાતમાં આંધળા વિશ્વાસના કારણે લોકો દ્વારા હું ઘણીવાર છેતરાઉં છું. જો કે તેમના આવા ઠપકાથી હું હવે ટેવાઈ ગયો છું અને તેઓ જ્યારે ઠપકો આપે છે ત્યારે હું ચૂપ રહેવાનું પસંદ કરું છું. જો કે તેમાં તેમનો પણ કોઈ વાંક નથી અને તે દર વખતે ખોટાં પમ નથી હોતાં. હું દૃઢપણે એવું માનું છું કે આપણે બીજામાં સારપ જોવી જોઈએ. કેટલાક લોકો સારા ના હોય તો પણ લોકોમાં વિશ્વાસ મૂકવાનું બંધ કરી દેવું ન જોઈએ. કોઈ વ્યક્તિમાં સારપનો અભાવ હોય તો તે માટે તેની આસપાસનું વાતાવરણ અને ઉછેરની પરિસ્થિતિ પણ જવાબદાર હોઈ શકે છે. હું માનું છું કે દરેક વ્યક્તિમાં સારાપણું અને નબળાઈઓ સુષુપ્ત અવસ્થામાં પડેલાં જ હોય છે, પરંતુ સંજોગોના લીધે આપણે તેમાંથી એકને પસંદ કરીએ છીએ. જો કે આજના જેવા અનેક પ્રસંગોએ હું ખોટો પુરવાર થયો છું. અલબત્ત, તેનાથી મારા વિશ્વાસ પર કોઈ અસર થઈ નથી. હું માનું છું કે ધર્મ અથવા પ્રામાણિકતા એ વિશ્વાસના ચોથા પાયા પર અવલંબિત છે.

'છોડને હવે ! ગરીબ માણસો છે. આપણા પૈસાથી તે કાંઈ મહેલ થોડા જ ચણી લેવાના છે ? ભૂલી જા હવે !' મેં તેમને શાંત પાડવાનો પ્રયત્ન કરતા વાત પૂરી કરી. તેઓ શાંત રહ્યાં અને મારા પ્રત્યેના પોતાના પ્રેમના કારણે ચૂપ રહ્યાં. હું પણ વાત ટૂંકી કરવાના મૂડમાં હોવાથી શાંત રહ્યો.

ડબ્બો ચિક્કાર હતો અને ઘણા મુસાફરો ઊભા હતા. મેં મારી નજર પસાર થઈ રહેલાં લીલાછમ ખેતરો પર દોડાવી, પરંતુ હજી પણ ઘણા મુસાફરો મારી તરફ જોઈ રહ્યા હતા અને પોતપોતાની ધારણા મુજબ મારું મૂલ્યાંકન કરી રહ્યા હતા. કેટલાક મને મૂર્ખ માનતા હતા તો કેટલાક મારા તરફ સહાનુભૂતિ અને દયાની દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. કેટલાકને વળી વગર પૈસાનું મનોરંજન મળ્યું હતું અને તે લોકો મલકાતા મોંએ મને જોઈ રહ્યા હતા.

કેટલાકને વળી એ જાણવાની ઉત્સુકતા હતી કે હવે આગળ શું થાય છે. ત્યાં સુધીમાં આગળનું સ્ટેશન પણ નજીક આવી ગયું હતું અને ગાડી પિતાપૂરમની નજીક પહોંચી ગઈ હતી એટલે બધા અમારામાંથી રસ છોડીને પોતપોતાના વિચારોમાં ખોવાઈ ગયા હતા.

ત્યાં જ ભીડ વચ્ચેથી મને એક અવાજ સંભળાયો. 'સાહેબ ૨૦૦ રૂપિયાની નોટ આપીને બે કોફી તમે જ લીધી હતી ને ?' મેં તે અવાજ તરફ મોં ફેરવ્યું. જોયું તો એક કિશોર ભીડમાંથી જગ્યા કરતો મારી તરફ આવી રહ્યો હતો. આવીને તે મારી સીટ સામે ઊભો રહ્યો. અચાનક મને લાગ્યું કે જે ફેરિયા પાસેથી મેં કોફી લીધી હતી તે તો આવો નહોતો. એ તો આધેડ વયનો હતો. 'હા, બેટા ફેરિયા પાસેથી કોપી લઈને ૨૦૦ રૂપિયાની નોટ મેં જરૂર આપી હતી, પરંતુ તે છુટા પૈસા આપે ત્યાં સુધીમાં ટ્રેન ચાલુ થઈ ગઈ હતી, પરંતુ એ કોફી આપનાર તું હતો એવું યાદ



આજના સૂર્યને આવતી કાલના વાદળ પાછળ
સંતાડી દેવો એનું નામ ચિંતા છે.

નથી.' મેં પ્રામાણિકપણે તેને કહ્યું.

'બરાબર છે સાહેબ, પણ ટુની સ્ટેશને કોફી તો તમે જ લીધી હતી ને ?' તેણે મને ફરી સવાલ પૂછ્યો.

'મારે ખોટું શું કામ બોલવું જોઈએ ? તારે ખાતરી કરવી હોય તો આ બધા લોકોને તું પૂછી શકે છે.'

'ના, ના, એવું નથી સાહેબ. મને તમારા પર શંકા નથી, પણ મારાથી કોઈ ભૂલ ન થાય એટલા માટે જ હું ખાતરી કરવા પૂછી રહ્યો છું.' આટલું કહી તેણે તેના ખિસ્સામાંથી ૧૮૦ રૂપિયા કાઢીને મારા હાથમાં પકડાવી દીધા.

'ભાઈ તું કોણ ?'

'સાહેબ, હું કોફીવાળાનો દીકરો છું.' મેં નવાઈપૂર્વક તેની સામે જોયું તો તેને મારી શંકા શું છે તેનો ખ્યાલ આવી ગયો.

'સાહેબ રોજ એકાદ-બે આવા બનાવ બને જ છે. કારણ કે ટુની સ્ટેશન ગાડી થોડીવાર જ ઊભી રહે છે અને ઉતાવળમાં બે-ચાર મુસાફરોના છુટા પૈસા આપવાનું રહી જાય છે એટલે હું પહેલેથી જ ટ્રેનમાં ચડી જાઉં છું અને જેમને જેમને છુટા પૈસા આપવાના બાકી રહી ગયા હોય તેમનો સંદેશો મારા પપ્પા મને મોબાઈલ ફોનથી આપી દે છે તેમાં કયા ડબ્બામાં કઈ બારી પાસે તે મુસાફર બેઠા હશે તેનું ઠેકાણું પણ આપે છે. આ બધા જ મુસાફરોને હું ખાતરી કરીને છુટા પૈસા આપી દઉં છું અને એકાદ બે સ્ટેશન પછી ઉતરીને ફરી બીજી ટ્રેનમાં ટુની પહોંચી જાઉં છું. એ માટે મારા પપ્પા મને અગાઉથી જ છુટા પૈસા આપી રાખે છે.'

હું નવાઈથી અવાચક બનીને તેની સામે જોઈ રહ્યો હતો. થોડો સ્વસ્થ થઈ મેં તેને પૂછ્યું, 'ભાઈ તું ભણે છે ?' 'હા સાહેબ હું ૧૦માં ધોરણમાં ભણું છું. મારે બપોરની સ્કૂલ હોવાથી હું સવારે મારા પપ્પાને મદદ કરું છું અને બપોર પછી મારો મોટો ભાઈ તેમને આ રીતે મદદ કરે છે.'

આ સાંભળી મને તેના પિતા સાથે વાત કરવાનું મન થયું એટલે મેં તેને તેના પિતાનો મોબાઈલ નંબર આપવા કહ્યું. તેણે નંબર આપ્યો એટલે મેં તેના પિતા સાથે વાત કરી. 'ભાઈ તમારા દીકરાએ મને ૧૮૦ રૂપિયા આપી દીધા છે અને તમારો આભાર માનવા જ હું તમને ફોન કરી રહ્યો છું. મને ખુશી છે કે તમે તમારા બાળકોને માત્ર ભણાવી જ નથી રહ્યા, પરંતુ તેમનામાં પ્રામાણિકતા અને સદ્‌ભાવનાનાં મૂલ્યોનું સિંચન કરી રહ્યા છો.' મેં તેમનાં વખાણ કરતાં કહ્યું.

'આપનો પણ ખૂબ આભાર સાહેબ, કોઈકે તો મારી કદમ કરી ખરી, નહીંતર અત્યારે આવો ફોન કરીને આભાર વ્યક્ત કરવાની કોને પડી હોય છે ? તેમને તો તેમના પૈસામાં જ રસ હોય છે. હું તો પાંચમા ધોરણ સુધી ભણેલો છું, એ જમાનામાં બાળકોને ભણવાની નાની-નાની બોધકથાઓ આવતી હતી અને નૈતિક મૂલ્યોનું શિક્ષણ આ કથાઓ દ્વારા જ અપાતું હતું જેથી અમે સારું અને ખરાબ, સાચું અને ખોટું વિશે ફરક શીખી શકતા હતા. બસ આ સિદ્ધાંતોએ જ એક પ્રામાણિક અને સરળ જિંદગી જીવવાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.' માત્ર પાંચ ચોપડી ભણેલા એ માણસની વાત અને વિચારો સાંભળીને હું આભો થઈ ગયો હતો.

તેણે પોતાની વાત ચાલુ રાખી, 'સાહેબ આજની નિશાળોમાં તો આવાં મૂલ્યો શીખવવામાં આવતા નથી અને બાળકોને જે શીખવાય છે તે તે પેલા મસાલેદાર અને આરોગ્યપ્રદ ખોરાક જેવું જ હોય છે. મારા બાળકો જ્યારે ઘરમાં ભણતાં હોય છે ત્યારે હું તેમને સાંભળું છું અને જોઉં છું કે આપણા ભણતરમાં નૈતિક મૂલ્યોની કથાઓ કે પ્રેરણાદાયક કવિતાઓ જેવું કાંઈ હોતું નથી. તેથી જ હું તેમને આવાં નાનાં નાનાં કામ સોંપીને જે મૂલ્યો હું જાણું છું તે તેમનામાં ઉતારવા પ્રયત્ન કરું છું બસ એટલું જ.' આ નાના માણસની મહાનતા અને દીર્ઘદૃષ્ટિએ મને સ્તબ્ધ કરી દીધો.

મેં કંઈ પણ બોલ્યા વગર તેના દીકરાનો ખભો થપથપાવીને શાબાશી આપી. પેલા છોકરાએ પાછા આપેલા ૧૮૦ રૂપિયા હું જ્યારે મારા પાકીટમાં મૂકતો હતો ત્યારે મારા ચહેરા પરનું તેજ જોઈને મારાં પત્ની પણ અવાક થઈ ગયા. તેમણે મનોમન માફી માંગતા હોય તેવું સ્મિત આપ્યું કારણ કે તેઓ જાણતાં હતા કે મારા ચહેરાનો આનંદ પૈસા પાછા મળ્યાનો નહોતો.

મને યાદ છે કે શ્રીમદ્ ભાગવતમાં પ્રામાણિકતા અથવા ધર્મને નંદી તરીકે વર્ણવવામાં આવેલો છે. જે પવિત્રતા, સ્વચ્છતા, દયા અને વિશ્વાસનાં ચાર પગ પર ઊભો છે. ભાગવતમાં આગાહી કરતાં એવું પણ કહેવાયું છે કે સમયના જવા સાથે આ ચારે પગ એક સમાન મજબૂત નહીં રહે તેને લીધે પ્રામાણિકતામાં પણ ઘટાડો થશે. સતયુગમાં વિકાસના પહેલા તબક્કામાં ધર્મનો આ નંદી ચારે મજબૂત પગ સાથે ઊભો રહેશે, પરંતુ યુગ પરિવર્તન સાથે એક પછી એક તેના પગ ભાંગવા લાગશે અને કળિયુગ આવતાં આવતાં આ ચારેય પગ તૂટી જશે અને વિશ્વાસ કે વિશ્વસનીયતા ધર્મ અથવા પ્રામાણિકતાના સ્વરૂપ તરીકે બાકી રહેશે.

કોફી વેચીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવનારા આ ફેરિયાના કૃત્યથી એટલું તો સાબિત થાય છે કે આગાહી પ્રમાણે આજે પણ દુનિયામાં ધર્મ પ્રામાણિકતાના સ્વરૂપમાં ટકી રહ્યો છે અને તે ધર્મનો ચોથો પગ છે. સ્ટેશન આવતાં ટ્રેન ઊભી રહી એટલે પેલો કિશોર નીચે ઉતર્યો. મેં તેને જોઈને મનોમન તેના પિતા એટલે કે કોફી વેચનારા ફેરિયાને વંદન કર્યા.

(મૂળ અંગ્રેજીમાંથી અનુવાદ : ભરત રાજગોર. તેઓ આકાશવાણી, અમદાવાદમાં ફરજનિષ્ઠ છે.)

(પોઝિટીવ મીડીયા માટે આલેખન : રમેશ તન્ના)

મનપસંદ મેરેજ બ્યુરો
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક,
મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com


9427520136 9327007721
DIPALI PARAG
SANGHAVI SANGHAVI
ફેશન ડીઝાઈનીંગ, સ્ટીચીંગ
ઓર્ડરથી હેવી ચણીયા ચોળી
૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ, પાણીની ટાંકી સામે, સંઘવી હાઈસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮


મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૨/૭૭૭, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૮-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઈ ત્રંબકલાલ દોશી, બોટાદ



કદી નહિ આવેલાં અનિષ્ટોની ચિંતા કરીને આપણે કેટલી બધી કિંમત ચૂકવ્યા કરીએ છીએ !


21 DAYS TRANSFORMATION CHALLENGE
• COMPLETE EBOOK
• PRIVATE WHATS APP GROUP
• FITNESS SESSIONS
• HEALTHY COOKING SESSION
• HEALTH & WELLNESS TALK
• LOT OF REWARDS
• PRIVATE FACE BOOK GROUP
• BENEFIT PROGRAM
WEIGHT LOSS
Hunger & Muscle Starvation
• Decreased Fitness
• Decreased strength
• Poor performance
• Early aging
• Reduced immunity
FAT LOSS
Satiety, Muscle Gain & Fat Loss
• Increased fitness
• Greater strength
• Peak performance
• Dealyed aging
• Reduced disease risk


Our Transformation Journey of Fat to Fit is amazing..
Result may vary from person to person
Here You will find solutions For
• Lose Weight & Look Great.
• Gain Weight & Build Muscle.
• Balance Nutritious meal/Breakfast
• New Mom care
• Feel energetic and remain active throughout the day
• Sleep better in night
• Reasons for Mood Swing, Depression & Anxiety
• Improve your skin & look younger
• Improve digestive health
• Improve your immunity with the help of nutrition
• Healthy heart and joint
• Balance protein rich meal for Children
WELLNES COUCH
Mayuri Desai
94276 26224
Nirav Desai
99799 32624


A Complete Security & IT Solution Provider
Infrasoul Techserve Pvt. Ltd.
Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat
Biometric Solutions
Intrusion Alarm System
Public Addressing
Fire Alarm System
Automation
Video Surveillance
Infrasoul
Video Door Phone
Complete Network Solutions
EPABX
FTTH
Video Conferencing
Gates & Parking Automation
Solar Based Solutions
GPS Tracking
Associate Companies
Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |

**Milan Shah** (Managing Director)
Cell: **+91 92272 58500**

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

# Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net **Website: www.webplusinfotech.net**


# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

SAMANTAR
SALES AND SERVICES PVT. LTD.



SAMANTAR SALES AND SERVICES PVT. LTD.
FF-7, Saransh Ambience, Opp. Pujan Flat, Nr. Jivraj Hospital, Vasna,
Ahmedabad - 380 007. Mobile : 9898031812
E-mail : info@samantarsalesservices.com • Web : www.samantarsalesservices.com

HVAC SOLUTION PROVIDER FOR RESIDENTIAL / COMMERCIAL / FOOD / PHARMA / INDUSTRY

Carrier TOSHIBA DAIKIN Panasonic MITSUBISHI GENERAL

PRAVINCHANDRA TRUST EYE HOSPITAL

પ્રવિણચંદ્ર ટ્રસ્ટ આંખની હોસ્પિટલ
પ્રથમ ૧૦૦ મોતિયાના ટાંકા વગરના ઓપરેશન મફત*

રાહત દરે
આંખની સંપૂર્ણ તપાસ
૧૦૦ રૂા. માં

ડો. વૈદેહી હકાણી
MBBS (Gold Medalist)
M.S. Ophthalmology
(Eye Surgeon)

ચશ્માના તથા મોતિયા,
ઝામર તથા પડદાના રોગોની
તપાસ તથા સારવાર

નવરંગપુરા : ૨, ફાલ્ગુન બંગ્લોઝ, એ.જી.ટીચર્સ પાછળ,
કોમર્સ ક્રોસ રોડ, દાદા સાહેબ પગલા રસ્તે, નવરંગપુરા, અમદાવાદ.
ફોન : ૨૬૪૬૬૨૫૦, ૨૬૪૬૬૧૫૩, ૯૮૨૫૦૧૨૦૭૩
સમય : (સોમ થી શનિ) : ૦૫:૦૦ થી ૭:૦૦
સૌજન્ય : ડો.કુશલ એલ. હકાણી (M.D., Anesthesia) (M) 94295 19084

CA Yesha Doshi

Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi
& Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

401, Olive Arcade, Opp. Samudra Complex, Nr. Girish Cold Drinks Cross Road, off C.G. Road, Navarangpura, Ahmedabad - 380009.
9429620317   doshi.financeassociates@gmail.com




A Place Where People Trust
RAJENDRA A.
JEWELLERS PVT. LTD.
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M
Valid up to 31-12-2023
જુલાઈ - ૨૦૨૧ પાના નં. ૪૪ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023

## SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

## અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

## KD HOSPITAL

Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to
Reg. No. GUJ-314/2021-2023
Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ____________________